ગાંધીનગર સમાચાર

શહેરમાં વધતા વિજવપરાશના પગલે ખોરવાતો પુરવઠો અકળાવે છે

# અગનજવાળની અસરથી ટાઉનહોલ સામે ચામાચિડીયા ટપોટપ નીચે પટકાયા

## આગ ઓકતી ગરમીમાં ફાયર બ્રિગેડે વૃક્ષો પર ૧૫ હજાર લીટર પાણી છાંટી અબોલ પક્ષીઓનો જીવ બચાવ્યો



ગાંધીનગર, તા.૧૯

શહેરમાં ગરમીએ કાળોકર વર્તાવતા નગરજનો બેબાકળા બની ગયા છે. ત્યારે અબોલ પશુ પક્ષીઓની હાલત કફોડી બની છે. પક્ષીઓ પણ ગરમી પ્રકોપથી બચવા માટે પ્રકૃતિની ગોદમાં વિસામો શોધતા નજરે પડે છે. ગરમીના આકરા મિજાજના લીધે પક્ષીઓ પણ હરિયાળી વૃક્ષોની છાંયમાં રહેવાનુ પસંદ કરે છે. પરંતુ ગરમીનુ જોર વધતા પક્ષીઓ માટે દોઝખ સ્થિતિનુ નિર્માણ થયુ છે. ટાઉનહોલ સામે આજે બપોરના સમયે ચામાચિડીયા ગરમી પ્રકોપનો ભોગ બન્યા હતા. વૃક્ષો પરથી ટપોટપ ચામાચિડીયા નીચે પટકાયા હતા. જેના લીધે ૩૦ જેટલા ચામાચિડીયાનુ મોત નિપજયુ હતુ.



(તસવીર : દિપક જાની)

આ અંગે ફાયર બ્રિગેડને જાણ થતા ફાયર ઓફિસર મહેશ મોડની ટીમ પાણીના ટેન્કર સાથે ઘટના સ્થળે પહોંચી હતી. આ દરમિયાન ફાયર ટીમ દ્વારા આ વિસ્તારમાં સ્થિત આસોપાલવના વૃક્ષોમાં પાણીનો સતત છંટકાવ કરીને હરિયાળા વૃક્ષો તેમજ પક્ષીઓના બસેરાને વાતાનુકુલિત બનાવાનો પ્રયાસ કર્યો હતો. ફાયર બ્રિગેડ દ્વારા જીવદયાના અભિગમ સાથે ૧૫ હજાર લીટર પાણીનો છંટકાવ

● અનુસંધાન પાન-૭ પર

## બે ડગલા દુર વન તંત્રની કચેરીને પણ ઘટનાની જાણ નથી

શહેરમાં એકબાજુ ગરમીએ હાહાકાર મચાવ્યો છે. આગ ઓકતી ગરમીથી નગરનુ જનજીવન સુન્ન પડી ગયુ છે. ત્યારે પ્રકૃતિ તેમજ તેની બખોલમાં આશરો લઈ ગરમીથી રક્ષણ મેળવતા અબોલ જીવોની હાલત પણ દયાજનક બની છે. આકાશમાંથી વરસતી અગ્નજવાળ વૃક્ષો માટે પણ દોઝખ પુરવાર થઈ રહી છે. ત્યારે વન વિભાગનુ તંત્ર ગરમીથી પ્રભાવિત પ્રકૃતિ આશ્રિતોથી જાણે અજાણ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. આજે આકરી ગરમીમાં ટાઉનહોલ સામે ચામાચિડીયા ટપોટપ પડવાની દયાજનક ઘટના અંગે જિલ્લા વન તંત્ર મોડી સાંજ સુધી અજાણ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.ઘટના સ્થળથી માત્ર ૧૦૦ મીટર દુરના અંતરે સ્થિત નાયબ વન સંરક્ષકની કચેરી ચામાચિડીયાના મોતની વાતથી અજાણ હોવાનો સુર ઉઠવા પામ્યો છે. ત્યારે વન તંત્રની કામગીરી સામે પણ પ્રશ્નાર્થ ઉઠવા પામ્યો છે.



ગરમીથી તોબાતોબા - દિવસે-દિવસે ગરમીનો પારો ઘટવાને બદલે વધતો જાય છે... બુધવારે છ વર્ષનો રેકોર્ડ તોડ્યો... તો ગુરૂવારે ૧૦૦ વર્ષનો રેકોર્ડ તોડ્યો....૪૮ ડિગ્રી તાપમાનમાં જનજીવન અસ્તવ્યસ્ત બની ગયું.... શહેરના તપેલા માર્ગો ગરમી ફેંકતા વાહન ચાલકોને દઝાડતા હતા. ચારેય તરફ તોબાતોબાનો પોકારો સંભળાયા... સવારે ૧૦ વાગ્યાથી સાંજના સાત વાગ્યા સુધી તો દ્વીચક્રી વાહનચાલકો માટે અગ્નિપરીક્ષામાંથી પસાર થવાનું હોય એવું સાક્ષાત અનુભવાતું હતું... માર્ગો લગભગ સુમસામ હતા... અબોલ પશુ-પંખીઓ જીવન માટે જજુમતા હતા... ગુરૂવાર ગરમીનો વાર સાબિત થયો... હવે તો સૂરજદાદાને પ્રાર્થના કે, ખમૈયા કરો દાદા... અમારી સહનશક્તિની હવે પરાકાષ્ટા અહીં પુરી થાય છે... (તસવીર : દિપક જાની)

# અખાદ્ય ચીજ-વસ્તુઓનો વેપલો કરનારાઓ દંડાયા

## કાર્બાઈડયુક્ત કેરીનું વેચાણ કરતા ૧૧ વેપારીઓની ૩૦ કિલો કેરીનો નાશ કરી રૂ. ૧૨૦૦નો દંડ ફટકાર્યો

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરમાં અખાદ્ય ચીજોના વધતા જતા વેપાર સામે મહાનગરપાલિકાના ફૂડ સેફટી ડિપાર્ટમેન્ટે આંખ લાલ કરી છે અને ૧૩,૫૦૦ કિ.ગ્રા. જેટલા અખાદ્ય ચીજવસ્તુઓનો નાશ કરી આ વેપલો કરનારાઓને રૂ. ૧૬૦૦નો દંડ ફટકાર્યો છે.

મનપાની સત્તાવાર યાદીમાં જણાવાયા મુજબ અખાદ્ય બરફ, પાઉ, બટાટા જેવી વસ્તુઓનો વેપાર કરતા ૧૭ જેટલા વેપારીઓ પકડાતાં તેમની પાસેનો ૧૩,૫૦૦ કિલો જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. આ લોકો સે. ૧૧, પથિકાશ્રમ, ડેપો પાસે ઉભા રહી વેપાર કરતા જણાયા હતા.

તંત્રએ પકોડી વેચનારાઓ દ્વારા એપ્રન ટોપી પણ ધારણ નહિ કરી હોવાથી દંડ ફટકાર્યો હતો. આવા ૭ જેટલા વેપારીઓ મળી આવ્યા હતા.

તંત્રની ટીમે કાર્બાઈડયુક્ત કેરી અંગે પણ સે. ૨૨ના ઘ-૬ કોર્નર, ૧૭-૨૨, સે. ૨૪ છાપરા તેમજ સે. ૨૪માં આવી કેરીનો વેપાર કરતાં વેપારીઓને ત્યાં પણ તપાસ હાથ ધરી હતી અને ૨૯ કિલો જેટલી કેરીનો નાશ કરી રૂ. ૧૨૦૦નો દંડ આ વેપારકર્તાઓને ફટકાર્યો હતો.

શહેરમાં આ વખતે કેરીના પાકની આવક વધવા પામી છે અને તે કાર્બાઈડયુક્ત કરી વેચવામાં આવી રહી હોવાની તંત્રને ઘણી ફરિયાદો મળતાં તંત્ર હરકતમાં આવ્યુ હતુ અને આ અંગે તપાસ કરી કેરીનો નાશ કરવાની સાથે દંડનીય કાર્યવાહી હાથ ધરી છે.

# શહેરમાં વધતા વિજવપરાશના પગલે ખોરવાતો પુરવઠો અકળાવે છે

## સેક્ટર-૪માં ડીપી બળી જતા ખોરવાયેલો વિજપુરવઠો : સેક્ટર-૨, ૩, ૮ અને વાવોલ ખાતે પણ વિજપુરવઠો ખોરવાતા અફડાતફડીનો માહોલ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરમાં ભયંકર ગરમીનું મોજુ ફરી વળ્યું છે. જોરદાર ગરમી અને તાપથી બચવા જાત-જાતના ઉપાય કરી રહ્યાં છે. બીજી તરફ ગરમી સામે રક્ષણ મેળવવા રહિશો એસી. અને એર કુલર તેમજ પંખા સહિતના ઉપકરણો વપરાશ વધી જતા વારંવાર વીજ પુરવઠો ખોરવાઈ રહ્યો છે.



ગાંધીનગર શહેરમાં ગત રાત્રિના સમયે વીજળીના ઓવર લોડીંગને લીધે સે. ૪માં આવેલી ૬૩૦ કિલોવોટની ક્ષમતા ધરાવતી વીજ ડીપી જોરદાર અવાજના ધડાકા સાથે અચાનક જ ભડભડ સળગી ઉઠી હતી અને જોત જોતામાં વીજળી ડુલ થતા આગને લીધે તમામ વીજ વાયરો બળી ગયા હતા. આ ઘટનાની જાણ રહિશોએ ફાયરબ્રિગેડને કરતા ફાયરબ્રિગેડ સહિત પોલીસ અને એમ્બ્યુલન્સની ટીમો તાબડતોડ ઘટનાસ્થળે દોડી આવી હતી અને આગ પર કાબુ મેળવ્યો હતો.

વીજ ડીપી સળગી ઉઠતા આખા સેક્ટરમાં વીજ પુરવઠો સંપૂર્ણ બંધ થઈ ગયો હતો. ભયંકર અવાજ

● અનુસંધાન પાન-૭ પર


**આભાર સહ હાર્દિક અભિનંદન**



**પ્રદ્યુમનસિંહ કે. વાઘેલા**

પ્રમુખ : મત્સ્યોદ્યોગ ખાતાની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી.
પ્રમુખ : મત્સ્યોદ્યોગ ખાતાનું ગેઝેટેડ એસોસીએશન

સતત ૧૨મી વખત મત્સ્યોદ્યોગ ખાતાની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળીના બિનહરીફ પ્રમુખ બનવા બદલ અમો સભાસદો દિલથી અભિનંદન પાઠવીએ છીએ..

આપના દ્વારા મંડળીના સભાસદોને દર વર્ષે ૧૮ થી ૨૨% બચત ઉપર વ્યાજ, તત્કાલ લોન સુવિધા, ફેસ્ટિવલ લોન, ફુડ લોન, વિમા યોજના, વિદ્યા પુરસ્કાર, દિવાળી બચત સહિતની સભાસદોની કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી નાના સભાસદોને બહારના વ્યાજ ભરવામાંથી મુક્ત કરેલ છે. સતત 'અ' વર્ગ ધરાવતી મંડળીના સભાસદો વતી આપને આભાર સહ અભિનંદન પાઠવીએ છીએ...

| | | |
|---|---|---|
| કલ્પેશ યુ. પટેલ | પ્રવિણ મોદી | ભરત ધાનાણી |
| રાજેશ મહેતા | ભરત ચૌધરી | બીજુ માઈકલ |
| અશોક તેજલાણી | જયાબેન મકવાણા | મીનાબેન વ્યાસ |
| દિગંત કાપડીયા | ચિંકલ સૂચક | ઈશ્વરભાઈ રબારી |
| નીતા શુક્લ | મેહુલ થાનકી | એમ. એ. કાઝી |
| નિલમ પટેલ | મનસુખ પરમાર | મુકેશ વસૈયા |
| સરફરાજ દિવાન | પૂનમ સોલંકી | રમેશ ચાવડા |


# રાજ્યમાં ૨૬મીએ ઉન્નત ઉજાલા યોજનાનો પ્રારંભ ગાંધીનગરથી થશે

## ૮ મહાનગરોમાં આ અંગેના વિશેષ કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા. ૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પ્રારંભ કરાયેલ ઉન્નત ઉજાલા યોજનાનો રાજ્યમાં ૨૬મીથી વિધિવત્ પ્રારંભ રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ ૨૬મી મે ના રોજ વડોદરા ખાતે કરાવશે.

ઉન્નત જ્યોતિ બાય એફોર્ડેબલ એલ.ઈ.ડી. ફોર ઓલ (ઉજાલા) યોજનાનો પ્રાંરભ પ્રથમ તબક્કામાં ૮ મહાનગરોમાં થશે.

રાજ્યના ઊર્જા વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ વિધિવત્ યોજનાના પ્રારંભ માટે ૮ મહાનગરોમાં એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરાશે.

ગાંધીનગર ટાઉનહોલ ખાતે આના ભાગરૂપે વિશેષ કાર્યક્રમ યોજવામાં આવનાર છે.

૮ મહાનગરોમાં આસપાસના જિલ્લાઓને પણ આવરી લેવાનું આયોજન હોવાનું તંત્રના સૂત્રઓ કહી રહ્યા છે. આ પ્રંરભના સમારોહમાં ૭ શહેરોમાં સાત મંત્રીઓ અને અન્ય પદાધિકારીઓ પણ ઉપસ્થિત રહેશે એટલુ જ નહિ વડોદરા ખાતેના કાર્યક્રમનું સીધુ પ્રસારણ આ સાતેય શહેરોમાં કરવામાં આવશે.

આ માટેની તડામાર તૈયારીઓ તંત્ર દ્વારા આરંભી દેવામાં આવી છે. રાજ્યમાં અને રાષ્ટ્રમાં ઊર્જાબચતને પ્રોત્સાહિત કરવા એલ.ઈ.ડી. બલ્બનું સરળ હપ્તેથી વિતરણ કરવાની આ યોજના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમલી બનાવી છે. અત્યાર સુધી ગુજરાતમાં અમલ થયો ન હતો પણ હવે સરકારે આ યોજના અમલી બનાવવા માટેનો આખો રોડમેપ તૈયાર કરી લીધો હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

**ચોથી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



**સ્વ. હિમાલય ચક્રવર્તી**

સ્વ. તા. ૨૦/૫/૨૦૧૨

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावक ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥

ચક્રવર્તી અનિલકુમાર જેઠાલાલ
(પૂર્વ સભ્ય, નગરપાલિકા, પાલનપુર)
ચક્રવર્તી જયશ્રીબેન અનિલકુમાર
ચક્રવર્તી પાર્થ અનિલકુમાર ચક્રવર્તી હિરલ અનિલકુમાર
ચક્રવર્તી પ્રિયંકા અનિલકુમાર ચક્રવર્તી જેઠાલાલ ભાણાભાઈ
ચક્રવર્તી મણીબેન જેઠાલાલ ચક્રવર્તી પોલ્સન
ચર્ક્વર્તી આસીની
સરનામું : રામનિવાસ, કંથેરીયા હનુમાન રોડ, પાલનપુર
મો. : ૯૪૨૬૯ ૪૮૫૩૦


HOT SPOT in HOT SEASON for FAMILY PICNIC



નિરવતાનો રવ...
bansari Greens
Managed by : rudraksh 98258 03299
Special Discount Packages for two Persons*
2 Night Stay @ Rs. 8,500+Tax (Monday to Friday) (Except Festivals)
2 Night Stay @ Rs. 9,500+Tax (Saturday-Sunday & Holidays)
Offer Includes Lunch - Hi-tea - Dinner & Morning Breakfast.
We also offer indoor - outdoor Games & Swimming.
* conditions apply
For Booking Call
Ashish Soni : 70690 96551
Biren Shrimali : 99249 31224
Hiren Mehta : 70690 96550
Nr. Grambharti, Gandhinagar-Mahudi Road, At. Aluva, Dist. Gandhinagar.
e-mail : info@bansarigreensresort.com, www.bansarigreensresort.com

ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

WE CAPTURE Feelings
આપના આંગણે આવેલા અવસરને અમે યાદગાર બનાવીશું...
Vinayak Vision Video Films
Video - Photo Graphics - 2D&3D Annimation
Available Services : HD Live Setup, Zimi 35 Ft., Full HD Camera Setup, L.E.D. Wall Screen, Web Live Telecast through Internet, Plazma TV / Projector Screen
Mo. 98248 28169
E-mail : jaycholy@gmail.com | website : www.vinayakfilms.com

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com